# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03/01/2026** **Morning : 7.00 to 7.10**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. **રાજ્યમાં ગ્રીન કવર વધારવા 185 નદી કાંઠાની જમીન પર 'વૃક્ષ ઉછેર ઝુંબેશ' હાથ ધરવાનો નિર્ણય.**
2. **રાજ્યમાં ચાલુ વર્ષે રવિ પાક ઘઉં, ચણા અને મકાઈ જેવા પાકોના વાવેતરમાં નોંધપાત્ર વધારો.**
3. **વન-પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયાએ ગાંધીધામ ખાતે વાઈબ્રન્ટ કચ્છ ડિસ્ટ્રીક્ટ લેવલ કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો – કુલ 8 હજાર 500 કરોડના સમજૂતી કરાર કરાયો.**
4. **રાજ્યની વૈદેહી ચૌધરીએ ITF W-15 મહિલા ટેનિસ સ્પર્ધાની સેમીફાઈનલમાં પ્રવેશી.**
5. **21મી નેશનલ ડેફ વન ડે ક્રિકેટ ચેમ્પિયનશિપમાં ગુજરાતે ખિતાબ જીત્યો.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# GREEN COVER

રાજ્યમાં ગ્રીન કવરમાં વધારવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં ગુજરાતની કુલ 185 નદીઓના બંને કાંઠાની જમીન પર વન વિભાગ દ્વારા 'વૃક્ષ ઉછેર ઝુંબેશ' હાથ ધરવામાં આવશે.

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ આ નિર્ણય અંગે વિગતો આપતાં જણાવ્યું કે , ગ્રીન કવર વધવાથી રાજ્યનો વન વિસ્તાર વધશે . જેથી વરસાદમાં વધારો થશે , જળવાયું પરિવર્તન અટકાવી શકાશે સાથે સાથે રાજ્યમાં ઓક્સિજનમાં પ્રમાણ વધશે અને કાર્બન પ્રિન્ટમાં ઘટાડો થશે

તેમેન ઉમેર્યું કે, રાજ્યમાં ગ્રીન કવર વધારવા રાજ્યની તમામ 185 નદીઓના બન્ને કાંઠાના વન સંરક્ષણ તેમજ સંવર્ધનની કામગીરી વન વિભાગને સોંપવામાં આવી છે. જે અંતર્ગત વૃક્ષ ઉછેર ઉપયોગ માટે અગાઉથી જમીનનું સિમાંકન અને GIS મેપિંગ કરીને કાર્યક્ષેત્ર ચોક્કસ કરીને જરૂરિયાતવાળી જમીનની ઓળખ કરવામાં આવશે.

જમીનની સ્થિતિ ખાસ કરીને સરકારી જમીન અને વણવપરાયેલી સરકારી જમીનના રેકોર્ડ્સની ચકાસણી કરી વિકાસલક્ષી પ્રાથમિકતાઓ જળવાઈ રહે તે માટે આ જમીનનો ઉપયોગ માત્ર ગ્રીન કવર-વૃક્ષ ઉછેર માટે જ કરવાનો રહેશે. અન્ય કોઇ હેતુ માટે આવી જમીનનો ઉપયોગ ન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. મંત્રીએ કહ્યું હતું કે ,આ કાર્યક્ષેત્ર હેઠળની જમીનો ઉપર કોઇ પણ રીતે વાણિજ્યિક પ્રવૃત્તિ-નફાકારક પ્રવૃત્તિ કરવાની રહેશે નહી.

---

# RAVI PAAK

રાજ્યના ખેડૂતોએ રવિ મોસમમાં ઘઉં, ચણા અને મકાઈ જેવા પાકનું વિક્રમી વાવેતર કર્યું છે. આ મોસમમાં સામાન્ય વાવેતરની સરખામણીએ અત્યાર સુધીમાં 96 ટકા એટલે કે, 44 લાખ 74 હજાર હેક્ટરમાં વાવેતર સંપન્ન થયું છે. આ સાથે જ પ્રવર્તમાન મોસમમાં ચણાના વાવેતરમાં 13 ટકા અને બટેકાના વાવેતરમાં 18 ટકા વૃદ્ધિ નોંધાઈ છે.

રવિ મોસમની આ વાવણી પ્રક્રિયા આ મહિનાના છેલ્લા સપ્તાહ સુધી યથાવત્ રહેશે. રાજ્યમાં થયેલા આ મબલખ વાવેતરને પગલે આગામી સમયમાં કૃષિ ઉત્પાદનમાં નોંધપાત્ર વૃદ્ધિ થવાની સંભાવના છે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---

# CHOTAUDEPURKHEDUT SAHAY

છોટાઉદેપુરમાં કમોસમી વરસાદથી પાકનું નુકસાન સહન કરનારા 65 હજારથી વધુ ખેડૂતને રાજ્ય સરકાર દ્વારા સહાય ચૂકવવામાં આવી છે.

જિલ્લામાં 74 હજાર 360 જેટલા ખેડૂતોએ ઑનલાઈન પૉર્ટલ પર સહાય માટે અરજી કરી હતી. તંત્ર દ્વારા તપાસ બાદ આ ખેડૂતોને સહાય અપાઈ હોવાનું સ્થાનિક ખેડૂત સુરસીંગ રાઠવાએ જણાવ્યું..

## બાઈટ - સુરસીંગ રાઠવા ખેડૂત,

---

# KACHCH KRUSHI SAHAY

રાજ્ય સરકારે જાહેર કરેલા કૃષિ રાહત પેકેજ અંતર્ગત કચ્છ જિલ્લામાં 76 હજાર 877 ખેડૂતોને 244 કરોડની સહાય સીધી તેમના બેન્ક ખાતા દ્વારા ચૂકવાઈ છે. પાક નુકસાન અંગે સહાયનો લાભ મેળવવા  જિલ્લામાં કુલ 77 હજારથી વધુ ખેડૂતે અરજી કરી હતી. જે ખેડૂતોના બેંક ખાતામાં આધારકાર્ડ સીડિંગ બાકી હોય તો તેને ત્વરિત પૂર્ણ કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા અનુરોધ અનુરોધ કરાયો છે.

---

# KACHCH KAHRIF PAAK

કચ્છ જિલ્લામાં   8 તાલુકામાં   10 કેન્દ્ર પર મગફળી   , મગ,  અડદ અને સોયાબીનની ટેકાના ભાવે  ખરીદી કરાઈ. જે અંતર્ગત મગફળી પાક માટે 13 હજાર 946 ખેડૂતો દ્વારા ઓનલાઇન નોંધણી કરાવી હતી. જેમાંથી    9 હજાર  628 ખેડૂતો દ્વારા 22 હજાર  418 ટનથી વધુ મગફળીનું વેચાણ કરાયું છે. આ ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા 16 હજાર 282 લાખથી વધુની ચુકવણીની પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે.

બીજી તરફ 218 ખેડૂતો દ્વારા 339.6 ટન મગ, અડદ અને સોયાબીનનું વેચાણ કરવામાં આવ્યું છે.

---

# KUTCH VGRS

કચ્છના ગાંધીધામ ખાતે વન-પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયાએ વાઈબ્રન્ટ કચ્છ ડિસ્ટ્રીક્ટ લેવલ કાર્યક્રમનો ગઇકાલે પ્રારંભ કરાવ્યો. વાઈબ્રન્ટ કચ્છ કાર્યક્રમમાં કુલ **334 MSME** એકમો સાથે **8** હજાર **500**ના કરોડના સમજૂતી કરાયા કરાયા હતા.

આ પ્રસંગે મંત્રી અર્જુન મોઢવાડીયાએ કહ્યું કે , વાઈબ્રન્ટ ગુજરાત-વાઇબ્રન્ટ કચ્છ જિલ્લાકક્ષાનો કાર્યક્રમ સાહસિકોને નવી ઉર્જા પ્રદાન કરશે . તેમણે કહ્યું રીન્યુએબલ એનર્જી , ગ્રીન હાઇડ્રોજન તથા બ્લુ ઇકોનોમીના ક્ષેત્રોમાં વૈશ્વિક હબ બનવાની કચ્છમાં વિપૂલ સંભાવના છે.

આવનારા સમયમાં કચ્છ ઇલેકટ્રોનિક કમ્પોનન્ટના પીસીબીના નિમાર્ણ માટે, ગ્રીન હાઇડ્રોજન, ડેટા સેન્ટર, બ્લુ ઇકોનોમી જેવા ક્ષેત્રના વિકાસ માટે મુખ્ય કેન્દ્ર બની શકે તેમ હોઇ તેમણે રોકાણકારોને તેમાં જોડાવવા હાકલ કરી. અને કચ્છમાં ગ્રીન કવર વધારવાની ઝુંબેશમાં ઉદ્યોગો જોડાવા અનુરોધ કર્યો.

---

# ACB

લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો - **ACB**એ સમગ્ર વર્ષ દરમિયાન , કુલ **310** અધિકારીઓ અને ખાનગી વ્યક્તિઓ સામે કાર્યવાહી કરીછે. – **ACB**ના નાયબ પોલીસ અધિક્ષક **R.B.** દેસાઈએ આ અંગે વધુ માહિતી આપતાં જણાવ્યું કે, **174** ટ્રેપ કેસ સહિતના કેસના પરિણામે **16** કરોડથી વધુની રકમ જપ્ત કરવામાં આવી હતી.

## બાઈટ – આર.બી.દેસાઈ – એસીબી

---

## GANDHINAGAR CIVIL

ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં છેલ્લા 2 દિવસમાં ટાઇફોઇડના 31 જેટલા કેસ નોંધાયા છે. આરે 3થી 16 વર્ષના 50 દર્દીઓને તાવ, ઉલટી, ડાયરીયા અને પેટમાં દુખાવાના લક્ષણો દેખાતા તેઓ હાલ સારવાર હેઠળ છે,

આ અંગે સિવિલ હોસ્પિટલના આર .એમ.ઓ. ડો. મીતા પરીખ વધુ માહિતી આપી.

## બાઈટ – ડૉ.મિતા પરીખ, ગાંધીનગર

---

## WEATHER

રાજયના મોટાભાગના જિલ્લાઓના તાપમાનમાં 2-4 ડિગ્રીનો ઘટાડો નોધાયો છે. છેલ્લા 24 કલાકની સરખામણીએ ઠંડીનું જોર વધ્યું છે.

હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યુ કે , આજથી તાપમાન ક્રમશ વધતા ઠંડીનું જોર ઘટશે.

## બાઈટ-. એ. કે. દાસ, ડાયરેક્ટર, હવામાન વિભાગ

અમદાવાદમાં છેલ્લા 24 કલાકમાં 3. 1 ડિગ્રીનો ઘટાડો થયો છે. તાપમાન 15.3 ડિગ્રી નોંધાયું છે. નલીયામાં રાજ્યનું સૌથી નીચું 10.8 ડિગ્રી તાપમાન નોંધાયું. ગાંધીનગરમા 13.4 ડિગ્રી તાપમાન નોંધાયું છે.

---

# ITF W -15 TENNIS

રાજ્યના વૈદેહી ચૌધરી અમદાવાદમાં રમાઈ રહેલી ITF W -15 મહિલા ટેનિસ સ્પર્ધાની સેમીફાઈનલમાં પ્રવેશ્યા છે. કવાર્ટર ફાઇનલમાં વૈદેહીએ જાપાનની હોનાકા કોબાયાશીને 6-3 ,6-4 થી મ્હાત આપી હતી. આ સાથે વૈદેહી સ્પર્ધામાં ટકી રહેનાર એક માત્ર ભારતીય ખેલાડી છે.

બીજી તરફ જેંસી કાનાબાર અને એન્જલ પટેલની ભારતીય જોડી ડબ્લ્સની સેમીફાઈનલમાં રશિયા અને કઝાખીસ્તાનની જોડી સામે હારી જતાં સ્પર્ધમાંથી બહાર થઈ છે.

---

# DEF ONE DAY

21મી નેશનલ ડેફ વન ડે ક્રિકેટ ચેમ્પિયનશિપમાં ગુજરાતે ખિતાબ જીતી લીધો છે

કેરળના ત્રિછુંરમાં રમાયેલી આ સ્પર્ધાની ફાઇનલમાં ગુજરાત અને પંજાબ વચ્ચે મુકાબલો થયો હતો. ગુજરાતનાં 9 વિકેટે  196 રનના જવાબમાં પંજાબે 23.1 ઓવરમાં 172 રને ઓલઆઉટ થઈ હતી. ગુજરાત તરફથી અભય પટેલે 52 અને હરેશ વાળા એ 28 રન બનાવ્યા હતા.

---

# MANISHA VAKIL MULAKAT

સામાજિક ન્યાય અને અધિકારીકતા રાજ્યમંત્રી ડો. મનીષાબેન વકીલે કામરેજના આંબોલી ખાતે ગુજરાત રાજ્ય  કમિશનર મહિલા અને બાળ વિકાસ ગાંધીનગર હેઠળ 'જનની ધામ' નારી સંરક્ષણ ગૃહની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત તેમણે કામરેજના ખોલવડ સ્થિત શ્રીમતી શાંતાબેન હરિભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત વાત્સલ્યધામની પણ મુલાકાત લીધી હતી.

તેમણે નારી સંરક્ષણ ગૃહની સુવિધાઓનું નિરીક્ષણ કરી બહેનો સાથે સંવાદ સાધ્યો હતો. તથા સંસ્થાની કામગીરીની સમીક્ષા કરી સંચાલકો અને અધિકારીઓને બહેનોના કલ્યાણ માટેના જરૂરી સૂચનો આપ્યા હતા.

વાત્સલ્યધામની મુલાકાત વેળાએ ડો.મનીષાબેને  ધો. 10 અને 12 પછી કઈ ફેકલ્ટીમાં જવું, કયા ક્ષેત્રમાં ઉજ્જવળ તકો રહેલી છે અને જીવનનું લક્ષ્ય કેવી રીતે નક્કી કરવું તે અંગે બાળકોને ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું.

---

# BHARATI MELO

રાજકોટની પી.ડી.માલવિયા કોલેજ ઓફ કોમર્સ ખાતે  આજે  ક્લસ્ટર રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રોજગાર ભરતીમેળામાં રાજકોટ , જામનગર અને દેવભૂમી દ્વારકા જિલ્લાના  **40**થી વધારે ખાનગી એકમોના પ્રતિનિધિઓ હાજર રહી ઈન્ટરવ્યુ દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરશે.

આ રોજગાર ભરતીમેળામાં  **S.S.C., H.S.C., I.T.I., Diploma** તેમજ કોઈ પણ વિદ્યાશાખામાં સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકે છે.

---